Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER B. NO. 156

श्री

પુ.૧૯ મું. સં. ૧૯૫૯

# જૈનધર્મ પ્રકાશ

અંક ૩ જો જયેષ્ટ

उपजाति.

धार्यः प्रबोधो हृदि पुण्यदानं, शीलं सदांगीकरणीयमेव ।
तप्यं तपो भावनयैव कार्या, जिनेंद्रपूजा गुरुभक्तिरुद्यमः ॥

प्रगट कर्त्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

अनुक्रमणिका


૧ નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૪૯
૨ તત્વજ્ઞાન ઇતિહાસ અને ઉત્કર્ષના સંબંધમાં જૈનધર્મે કરેલો વધારો. ૫૦
૩ શ્રી ગોધરાના એક શ્રાવક ઉપર પન્યાસજી શ્રી ગંભીરવિજયજીએ લખેલ પત્ર. ૫૫
૪ બીજી જૈન કન્ફરન્સ. ૫૮
૫ બનારસ જૈન પાઠશાળા. ૫૯
૭ પ્રશ્નોત્તર. ૬૧
૮ ધ્યાન વિષય. ૬૭
૯ વર્તમાન સમાચાર. ૭૧


અમદાવાદ.
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું
વીર સંવત ૨૪૨૯ શાકે ૧૮૨૫ સને ૧૯૦૩
વાર્ષિક મૂલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચોપાનીયું રખડતું મુકી આશાતના કરવી નહીં.

### વિશેષ સમાચાર.

અમારી તરફથી આ ત્રીજો અંક બહાર પડયો છે. ચોથો અંક પણ થોડા વખતમાં બહાર પડશે.

સભાની ઓફીસમાં વેચવાની બુકો ઘણી ખરી આવી ગઇ છે. પરદેશી ગ્રાહકોએ જૈનધર્મ સંબંધી બુકો બીજેથી નહીં મંગાવતાં અહીંથીજ મંગાવવી.

સાધુ સાધ્વીને પણ જે બુક જોઇએ તે ખુશીથી મંગાવવી પ્રથમ પ્રમાણેજ ભેટ તરીકે મોકલવાનું શરૂ રાખેલું છે.

સભા તરફથી ચાલતી જૈન સંસ્કૃત પાઠશાળા અને સભાની અમુક મદદથી ચાલતી જૈન કન્યાશાળા જેમની તેમ સ્થિરજ ચાલતી રાખવામાં આવેલ છે તેનું કામ પણ સારા પાયાપર ચાલે છે.

લાઇબ્રેરીમાં પણ ધર્મ સંબંધી, નીતિ સંબંધી અને સંસ્કૃત બુકોની ભરતી કરવામાં આવી છે. તો સભાસદોએ તેમજ લાઇબ્રેરીના મેમ્બરોએ તેનો લાભ લેવો.

બહાર ગામના એજન્ટોએ, ચોપાનીઆના ગ્રાહકોએ તેમજ બુકોના મંગાવનારાઓએ પોતાની પાસેનું લેણું સતવર મોકલાવવાનુ ધ્યાનમાં રાખવું. આ બાબતમાં પ્રમાદ કરનારને માટે વધારે લખવું યોગ્ય લાગતું નથી.

### ભેટ સંબંધી સૂચના.

ગયા વરસની ભેટ હવે પછી પાછલું લવાજમ મોકલનારને મળી શકશે નહીં પરંતુ ચાલતા વર્ષના લવાજમ સાથે મોકલશે તો હજુ પાછી ભેટ આપશું નવા વર્ષની ભેટના ઇચ્છકે પણ તરતમાં લવાજમ મોકલવાનું લક્ષમાં લેવું.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

દોહરો.

મનુ જન્મ પામી કરી, કરવા જ્ઞાન વિકાશ;
નેહ યુક્ત ચિત્તે કરી, વાંચો જૈન પ્રકાશ.

પુસ્તક ૧૯ મું. શાકે ૧૮૨૫. જયેષ્ઠ. સંવત ૧૯૫૯. અંક ૩ જો.

## "निःसार आ संसार केवळ त्याज्य दुःखागार छे."

(હરિગીત.)

આયુષ્ય અસ્થિર અલ્પ તેમાં ત્રાસ અતિ અભ્યાસનો,
વળતી કમાવામાંય પણ કંઇ પાર નથી કંકાસનો;
ધન પ્રાપ્ત કરીને રક્ષવું, તેમાંય કષ્ટ અપાર છે,
**નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે.** ૧
પરણ્યા તણી પીડા પરમ તેમાં મળી જો પાપણી,
તો રાહુએ બાહુ ગ્રહ્યા ન શમે હૃદયની તાપણી;
સારી મળે ને ના જિવે શો દેહનો નિર્ધાર છે?
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૨
કઇ સંતતિ ન થયાતણા ઉદ્વેગમાં અથડાય છે;
કઇ પેટ કપુત પ્રજા પડી તે કષ્ટમાં કષ્ટાય છે,
લાયક મનુષ્યો કઇક તે લેણા થકી લાચાર છે,
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૩
આધિવનું[1] મન સર્વદા વ્યાધિવનું[2] તન જો હશે,
ધન તે ઉપાધિ વિનાનું તો તો સર્વ જન તારાં થશે;

૧ આધિ વિનાનું. ૨ વ્યાધિ વિનાનું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિઃસ્વાર્થ ન લહિશ હેત તુજપર કોઇનુંય લગાર છે,
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૪
વ્હાલા કહી વળગી રહી અળગી ઘડીય થતી નથી,
આ એવી તુજ પરણેત* તે પણ સ્વાર્થ-લેશ સતી નથી;
ભૂષણ ન આપીશ-કાઢ દૂષણ-(જો) વળતિ કેવો પ્યાર છે?
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૫
એમાં મચ્યા રેંનાર તે ફાંફાં[1] છતી આંખે છડે,
મૃગ તૃષ્ણિકાને માની જળ-હરવા તૃષા તે આથડે;
સમજ્યા છતાં સપડાય એથી અન્ય કોણ ગમાર છે?
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૬
શો મોહ એનો રાખવો કે દ્રોહ શો એનો વળી,
જગદીશની ઇચ્છી કૃપા કરવિ યત્ન જાય નહીં ફળી;
તો તો મળે સુખ-નિકર[2] ભયનાં નિકરનો[3] શું સુગાર છે
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૭
સંપત્તિ સંતતિ સુંદરી સ્નેહી સહોદરને વિષે,
સુવિચાર યાર લગાર કરિ તું કહે મને સુખ ક્યાં દિસે?
એ સર્વની વૃદ્ધિ ઉપાધીનીજ પારાવાર છે,
નિઃસાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુઃખાગાર છે. ૮

કેળવણી.

---

# तत्वज्ञान इतिहास अने उत्कर्षना संबंधमां जैनधर्मे करेलो वधारो.

## ગાંધી. વીરચંદ રાઘવજીએ લંડનમાં કરેલું ભાષણ.

( અનુસંધાન પૃષ્ટ ૨૨ થી )

હવે જગત્ માત્રના બે ભાગ થઇ શકે. જીવ અને અજીવ. જીવના બે ભેદ. મુક્ત ને અમુક્ત. એવી એક તિલમાત્ર પણ જગ્યા નહીં બતાવી શકાય

---

* સ્ત્રી. ૧ ફોતરા. ૨ નહીં તો. ૩ સમૂહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે જ્યાં અસંખ્ય સૂક્ષ્મજીવો નહીં હોય. સૂક્ષ્મદર્શક યંત્રથી જોઇ શકાય એવા જીવોના કરતાં પણ અનંતગણા બારીક જીવો છે એમ જૈનશાસ્ત્ર કહે છે. શસ્ત્રથી છેદ્યાં છેદાય નહીં અને અગ્નિથી બાળ્યા બળે નહીં એવા સૂક્ષ્મજીવો જગતમાં છે. તેઓની ચૈતન્યાત્મક શક્તિ આસપાસના સંજોગો સાથે સંબંધ ધરાવે છે. જમીનમાંથી તરત નીકળેલા માટી અને પથ્થરમાં જીવન હોય છે. અનેક જીવોનું સ્થાન હોવા ઉપરાંત પાણી પોતેજ અનેક સૂક્ષ્મ જીવોનો સમૂહ છે. વાયુ, અગ્નિ અને વિજળી સુદ્ધાંતમાં ચેતન્ય છે. સત્યતાએ તો માટી, પથ્થર, પાણી વિગેરે સ્થૂળ દ્રવ્યો પોતેજ અનેક જીવોના સમૂહ છે. સૂકાયેલી માટી, પથ્થર તથા ઉકાળેલું પાણી તે તદ્દન જડ દ્રવ્યો છે. તેમ શાક ફળ ફુલમાં પણ જીવ છે. પણ જ્યારે તેઓ સૂકાઇ જાય કે તેને રાંધવામાં આવે ત્યારે તેમાં બીલકુલ ચૈતન્ય રહેતું નથી. ઝીણી જીવાત, કીડાઓ, માછલીઓ, પક્ષીઓ, પશુઓ અને મનુષ્યો તે પણ જીવન યુક્ત છે. નક્ષત્ર અને ગ્રહોમાં પણ અનેક જીવો રહેલા છે. ચૈતન્ય તે કાંઇ જીવોના જીવનતત્વથી ભિન્ન અને વિશિષ્ટ એવો કોઇ મૂર્ત્ત પદાર્થ નથી. પણ ચૈતન્ય તો એક પ્રાણીઓના જુદા જુદા વર્તનનું અવલોકન કરવાથી જાણવામાં આવેલો સામાન્ય ધર્મ છે. એક પ્રાણીના વાસ્તવિક સંવર્ધનનો ક્રમ તે બીજાના કરતાં જુદો હોવાથી જૈનશાસ્ત્રકારોએ જીવોના જુદા જુદા વર્ગ પાડેલા છે. તેમાં બહુ સાદો વિભાગ તે જીવોએ જેટલી ઇંદ્રીયો વિકાશેલી છે તેટલી ઇંદ્રીઓની સંખ્યા ઉપર રચેલો છે.

પ્રાણી વર્ગ ઉપરાંત બીજો વર્ગ અજીવ દ્રવ્યોનો છે તે આ પ્રમાણે-પુદ્‌ગળ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય ને કાળ તેમાં આકાશાસ્તિકાય ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાયને જૈનમત પ્રમાણે સ્થૂલ દ્રવ્ય (પુદ્‌ગળ) ગણવા-માં આવતા નથી. પુંદ્‌ગળમાં કેટલાએક ગુણો અને સંબંધો છે કે જે આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાયમાં નથી. કાળની પણ (લાક્ષણિક અર્થમાં) દ્રવ્ય તરીકે ગણના કરવામાં આવી છે. ચેતન અચેતન દ્રવ્યોની સતત ઉધોગિતાનો સામાન્ય ધર્મ જેનાથી જાણવામાં આવે તેનું નામ કાળ.

હવે દરેક જીવ સૂક્ષ્મ વા બાદર, કર્મરૂપી શક્તિઓનું મધ્ય બિંદુ છે. કર્મ શબ્દનો અર્થ વેદમાં દેવો અને પિતૃઓને અર્થે યજ્ઞાદિક કરવા અને બળિદાન આપવા એવો છે. સમય જતાં કર્મનો અર્થ ફરજ, સારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નરસા કૃત્યો એવો થયો, પણ જૈનશાસ્ત્રકારોએ જેવો કર્મ શબ્દનો અર્થ સંપૂર્ણ રીતે દર્શાવ્યો છે તેવો કોઇએ દર્શાવેલો નથી. કર્મ તે દેહધારી જીવે ઉત્પન્ન કરેલી જે શકિત કે તે જીવને સંસારમાં પરિભ્રમણ કરાવે છે ટુંકામાં દેહધારી જીવનો આવો સાંસારિક બાંધો તે કર્મ. આ પ્રમાણે કર્મ શબ્દના અર્થમાંથી યજ્ઞાદિક ક્રિયા સંબધી વિચારને સંપૂર્ણ રીતે બાતલ કરવામાં આવે છે; જે કર્મો જીવને નીચી ગતિએ રાખે છે તેને **પાપ** કહે છે અને જે તેને ઉર્દ્ધ ગતિમાં લઇ જાય છે તેને **પુણ્ય** કહે છે જૈન ધર્મશાસ્ત્ર કર્મનું વિસ્તાર પૂર્વક આખ્યાન કરે છે; અને કર્મોને આત્મા પોતાની તરફ કેવી રીતે આકર્ષે છે (**આશ્રવ**) કર્મો આત્માની સાથે કેવી રીતે એકરૂપ થઇ જાય છે (**બંધ**) કર્મોનો કેવી રીતે રોધ થઇ શકે છે (**સંવર**) અને તે કર્મોને સમૂળ ખપાવી (**નિર્જરા**) આત્મા કેવી રીતે '**મોક્ષ**' પામે છે તે સર્વ બાબતનું સારી રીતે સ્પષ્ટીકરણ કરે છે. જૈનધર્મશાસ્ત્રના અસાધારણ એવા કર્મ સબંધી આખ્યાનમાં જુદા જુદા અનેક વિષયોનો સમાવેશ કરેલો છે. જેવાકે સંવેદન (પ્રત્યક્ષ જ્ઞાન), અનુભવ, ચેતના, સુખ દુ:ખ, આત્મગુણ, દૈશત્મ્ય વિગેરે જીવ સંબંધી સર્વ બાબતો. અન્ય ધર્મનાં કોઇપણ શાસ્ત્રમાં જીવ વિચાર સબંધી વિસ્તાર પૂર્વક આખ્યાન કરેલું નથી કે જેવું જૈનશાસ્ત્રમાં કરેલું છે. અન્યશાસ્ત્રોની જેમ જૈન પણ પુનર્જન્મ છે એવું શિખવે છે. અને પુનર્જન્મ, પરિપકવ થઇને મૃત્યુ પછી તરતજ ફળ આપનારા એવા કર્મોની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે.

મારા આખ્યાન ઉપરથી સૌ કોઇને એમ દેખાયું હશે કે જૈનોનો મનોરથ શારીરિક, માનસિક અને અધ્યાત્મિક પરિપૂર્ણતા પ્રાપ્ત કરવાનો છે. અને અંતે પરમાત્મપદ પ્રાપ્ત કરવાનો છે. આ અક્ષત આધ્યાત્મિક વ્યકિત ભાવ કદિ અદૃશ્ય થતો નથી, લય પામતો નથી, પરમાત્મામાં મળી જતો નથી, અચેતનાવાળો નથી, પણ તે શાશ્વત છે, અને સંપૂર્ણ જ્ઞાન તથા અનુપમ સદ્વૃત્તિમય છે. દરેક આત્માનો આવો શ્રેષ્ટ ઉદ્દેશ હોવાથી, જૈનો જીવ રક્ષાના માર્ગને બહુ માન આપે છે. વિશ્વ મનુષ્યનાજ અર્થે નથી પણ તે પ્રાણીઓની ઉત્તરોત્તર વૃદ્ધિને અર્થે એક શાળા રૂપ છે. અહિંસા તે પરમ ધર્મ છે એમ જૈનો માને છે અને તેઓની નિત્ય કર્મ પ્રમુખ સર્વ ક્રિયાઓ, તેઓના દેવગુરૂની ઉપાસના, તેઓના રીત રીવાજ વિગેરે સર્વેનો મૂળ ઉપષ્ટંભ તે અહિંસાછે. તેજ અહિંસાના નિયમ ઉપર જૈનોએ મોટા નાના અનેક શહેરોમાં ખોડાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢોરોને માટે ધર્મશાળાઓ બાંધી છે. આ અહિંસા ધર્મના ઉપદેશથીજ બ્રાહ્મણોથી કરાતાં પ્રાણીઓના બળિદાનો બીલકુલ બંધ પડયા છે.

સાહિત્યના વિષયમાં જૈનોએ ઉન્નતપદ ભોગવ્યું છે. જૈન વિદ્વાનોએ આચાર વ્યવહાર ઉપરાંત તત્વજ્ઞાન, તર્ક, વ્યાકરણ, પિંગળ, ગણિત, કોષ, ગાયન, ઇતિહાસ, જન્મચરિત અને ખગોળ વિદ્યા વિગેરે ઉપર મોટા મોટા પુસ્તકો લખ્યા છે. **ભદ્રબાહુસૂરીએ** જૈનના આવશ્યકાદિ દશ સૂત્રો ઉપર નિર્યુક્તિ લખેલી છે તથા ખગોળ વિદ્યાનું એક પુસ્તક લખ્યું છે. **દેવર્ધિગણિ** જે મહાવીર પછી ૯૮૦ વર્ષે થયા છે તેમણે જ્યારે જોયું કે, સિદ્ધાંતોનો નાશ થતો જાય છે ત્યારે તેમણે તે સિદ્ધાંતોને પુસ્તકારૂઢ કર્યા. ત્યાં સુધી તો સિદ્ધાંતો મોઢે હતા પણ પુસ્તકરૂપે નહોતાં. **સિદ્ધસેન દિવાકરે** રાજા વિક્રમાદિત્યને જૈન કર્યો અને તેમણે કેટલાએક તત્વજ્ઞાનના ગ્રંથો લખ્યા છે. **હરિભદ્રસૂરિ** મૂળ બ્રાહ્મણ હતા તેમણે જૈન દીક્ષા લીધી હતી અને જુદા જુદા વિષયો ઉપર ૧૪૪૪ ગ્રંથો (પ્રકરણો) લખ્યા છે. **મલયગિરિ** તે **અભયદેવસૂરિ** પણ પ્રખ્યાત ગ્રંથકારો થઇ ગયા છે. દેવેંદ્રસૂરિએ કર્મ ગ્રંથ રચ્યા છે. **ધર્મસાગર** ઉપાધ્યાયે જુદા જુદા પંથોનો ઇતિહાસ લખ્યો છે. **હેમાચાર્ય** કે જેમણે ગુજરાતના રાજા કુમારપાળને જૈન કર્યો તેમણે સાડાત્રણ ક્રોડ શ્લોક પ્રમાણ ગ્રંથો લખ્યા છે ત્યાર પછી **યશોવિજયે** ઘણા ગ્રંથો લખ્યા છે. છેવટે **મુનિ આત્મારામજી** જે ચાર વર્ષ અગાઉજ કાળ ધર્મ પામ્યા છે તેમણે લોક પ્રિય લેખન પદ્ધતિએ કેટલાક ગ્રંથો રચ્યા છે કે જેથી જૈન ધર્મના તત્વો સામાન્ય લોકોના હૃદયમાં પણ વસ્યા છે.

પોતાના સમયમાં જે જે બનાવો બનતા તેની બરાબર નોંધ લેવાનું માન જૈનોનેજ ઘટે છે. અન્ય આર્યોના જુના પુસ્તકોમાં આ બાબત તમે ભાગ્યેજ જોશો. જ્યારથી પુસ્તકો લખાવા શરૂ થયા ત્યારથી જૈન ગ્રંથકારોને ટીકાકારો પોતાના પુસ્તકને અંતે પોતાના ગુરૂઓના નામ તથા તેમના કરેલા કૃત્યો વિષે લખતા આવ્યા છે. જૈન પટ્ટાવળી જેમાં આચાર્યો કે ઉપાધ્યાયોના નામો લખેલા હોય છે, સાથે તેઓના ચરિત્રોના ટુંકા હેવાલ અને તે કાળના મુખ્ય બનાવોની નોંધ આપેલી હોય છે, તે પટ્ટાવળીનો અભ્યાસ જર્મન પંડિતો ખુબ ધ્યાન દઇને કરે છે; અને લંડનનો પ્રોફેસર બેન્ડોલ, જેકોબી, કલાટ, બુલર અને સ્ટ્રાસબર્ગ યુનીવર્સીટીના મારો મિત્ર પ્રોફેસર લ્યુમાને આ પટ્ટાવળીઓની મદદથી જૈન ઇતિહાસની ઘણી બાબતોનો નિર્ણય કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનોના પવિત્ર પુસ્તક ભંડારોની સ્થાપના, શ્રાવકોને અભ્યાસની સરલતા કરી દેવા માટે જૈન ઇતિહાસના જુદા જુદા સમયે કરવામાં આવી છે. તે ભંડારોમાં હજારો પુસ્તકો ભરેલાં છે. જેમાંના કેટલાક ભંડારો તો જૈનોએ બીજાઓને દૃષ્ટિગોચર પણ થવા દીધા નથી. એવા ભયથી કે યુરોપીયન વિદ્વાનો પણ મુસલમાનોની જેમ પવિત્ર વસ્તુઓનો નાશ કરશે. પાટણ, ખંભાત અને જેસલમીરના ભંડારો દુનિયામાં પ્રખ્યાત છે. તે ભંડારો માંના કેટલાક પુસ્તકોની ટીપ પ્રોફેસર બુલર, કીલહોર્ન અને ભંડારકરે કરી છે. તે સમય હજુ દૂર લાગે છે કે જ્યારે યુરોપના વિદ્વાનોને આ પુસ્તકોમાં રહેલા તત્વ રહસ્યમાં રસ લાગશે. ચાર સૂત્રોને ઇંગ્રેજી તરજુમો પ્રોફેસર જેકોબીએ કર્યો છે. બીજા કેટલાએક સૂત્ર ભાગનો તરજુમો બીજા વિદ્વાનોએ કરેલો છે ટીકા અને ગુજરાતી બાળાવબોધ સાથે ઘણા સૂત્રો મુર્શીદાબાદના રાયધનપતિસિંહ બહાદુરે છપાવ્યાં છે. કેટલાએક-સૂત્રો પછી લખાયેલાં પુસ્તકો ભીમાસહ માણેકે ( મુબઇના પ્રખ્યાત ગ્રંથ બહાર પાડનારે ) છપાવ્યા છે.

જૈનો એક સમર્થ અને વગ ધરાવનારી કોમ છે. એ વિષે કર્નલ જેમ્સટોડે પોતાના રાજસ્થાનમાં લખ્યું છે. જૈનો કેળવણીના પણ હીમાયતી છે. તેઓએ પાશ્ચાત્ય કેળવણીનો હિંદુસ્તાનમાં પ્રસાર થવા માટે તનમન ધનથી ઘણો પ્રયત્ન કર્યો છે. મુબઇ શેહેરના આભૂષણરૂપ યુનીવર્સીટી લાઇબ્રેરી અને ટાવર એક જૈન વ્યાપારીના ખર્ચથી ઉભાં થયેલાં છે. તેજ વ્યાપારીએ કલકત્તા યુનીવર્સીટીને પણ દ્રવ્ય સંબંધી લાભ આપેલો છે. બીજા એક શેઠીઆએ જૈન કોલેજ સ્થાપવા હમણાજ ચાર લાખ રૂપૈયા આપ્યા છે. ગુજરાતમાં સ્ત્રી કેળવણીનો મુખ્ય આધાર જૈનોની ઉદારતા ઉપરજ છે. ઘણી શાળાઓ, પુસ્તકાલયો અને સ્કોલરશીપો જૈનોએ સ્થાપી છે. જૈનોના ભવ્ય દેવમંદિરોની બાંધણીને યુરોપના શિલ્પ શાસ્ત્રીઓએ પણ વખાણી છે. કાઠીઆવાડમાં પાલીતાણા નજીક આવેલો શત્રુંજય નામે ડુંગર જૈનોનું મોટામાં મોટું પવિત્ર તીર્થ છે. તે ડુંગર ઉપર જૈનોએ પોતાના ખરચે આરસના દેરાસરો બાંધેલાં છે. અને ત્યાં વર્ષમાં ઘણીવાર હિંદુસ્થાનના સર્વ ભાગમાંથી જૈન લોકો યાત્રાર્થે સંઘ લઈ લઇને જાય છે આજથી પંદર વરસ ઉપર મુંબઇના ગવર્નર લોર્ડ રે એ તે ડુંગરની મુલાકાત લીધી હતી. જ્યાં તેને એક માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. સરકારના પ્રતિનિધિને જાહેર માન જૈનો તરફથી મળ્યાનો તે પહેલોજ પ્રસંગ હતો છેવટે હું એટલુંજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહીશ કે–જૈનો કેવા મોટા વ્યાપારીઓ છે, દયાળુ છે, ખાનગી અને જાહેર સખાવત કરનારા છે તે વિષે લોર્ડ કર્ઝને કલકત્તાના જૈનોએ તેમને આપેલા માનપત્રના ઉત્તરમાં સારો ઇસારો કરેલો છે.

---

# श्री गोधराना एक श्रावक उपर पन्यासजी श्री गंभीरविजयजीए लखेल पत्र.

ધર્મલાભ પૂર્વક લખવાનું કે-તમે જે જે પ્રશ્નો લખ્યા છે તે એવા પ્રકારના છે કે તમને વ્યવહાર માર્ગ ઉપર બીલકુલ શ્રદ્ધા નથી. એમ પ્રત્યક્ષ જણાઇ આવે છે. તીર્થંકરાદિકે જે વ્યવહાર માર્ગની ઉત્થાપના કરી નથી તે વ્યવહારને આધુનિક સમયના અલ્પશ્રુતી જ્ઞાનહીન અને ક્રિયાના અનાદરવાળા બાળજીવો ઉત્થાપન કરવા લગ્યા છે તે જોઇ આ પંચમકાળનો પ્રબળપ્રભાવ હૃદયમાં ખેદ ઉત્પન્ન કરે છે.

તમે તમારા પ્રશ્નોના ઉત્તરો નિશ્ચયનયને મતે આપવાનું લખ્યું છે પરંતુ અમને એકલો નિશ્ચયનય માન્ય નથી. વ્યવહાર નિશ્ચય બંને સાથે માન્ય છે. એકાંત એજ મિથ્યાત્વ છે. સ્યાદ્વાદમાંજ સમ્યક્ત્વ રહેલું છે. તમારા પ્રશ્નોના ઉત્તરજ તમારી માગણી અનુસાર આપવા ઇચ્છા નથી પરંતુ તમારા પ્રશ્નમાંહેના ખાસ કેટલાક શબ્દો જૈનશૈલીથી વિપરિત હોવાથી હિતશિક્ષા તરીકે કાંઇક લખ્યું છે.

૧ પહેલા પ્રશ્નમાં તમે લખ્યું છે કે—‘ દ્રવ્યપૂજાથી તથા દ્રવ્ય ચારિત્રથી જીવે અનંત સંસાર કર્યો ’ આ વચન કેટલુ બધું વિપરિત છે તેનો વિચાર કરો. દ્રવ્યપૂજાને દ્રવ્યચારિત્રથી અનંત સંસાર થાય ત્યારે મહારંભ મહાપરિગ્રહાદિકથી તો પરિત્ત સંસાર થતો હશે ? દ્રવ્યપૂજાને દ્રવ્યચારિત્રની વ્યાખ્યા લખજો કે કેવી દ્રવ્યપૂજા ને દ્રવ્યચારિત્ર તમે માનો છો કે જેથી અનંત સંસાર થાય છે. ?

તેજ પ્રશ્નમાં તમે લખો છો કે—‘આ જીવે કાયા વિવિધ પ્રકારે કરી પરંતુ ક્રિયાનું ફળ, પૂજાનું ફળ ને ચારિત્રનું ફળ કાંઇ પણ પામ્યો નહી–’ આ વચન ક્યા પ્રકારના જ્ઞાનથી લખ્યું છે ? ક્રિયા અવંધ્ય હોવાનું શાસ્ત્રકાર અનેક સ્થાને કહી ગયા છે છતાં તમને તેનું ફળ કાંઇ પણ મળ્યું નહીં. તે તમે કેમ જાણ્યું ? આ ભવમાં મનુષ્યભવાદિ સામગ્રી તમને મળી છે ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધું પાપ કાર્યનુંજ ફળ મળ્યું છે કે શેનું મળ્યું છે ? તે જરા વિસ્તારથી લખવું.

૨ દ્રવ્યક્રિયાને દ્રવ્યપૂજા ભાવના કારણ થાય એમતો શાસ્ત્રસંમત છે. તે તમે સ્વીકારો છો છતાં ન થઇ તેનું કારણ ન સમજવાથી પુછો છો તો તેનો ઉત્તર એટલોજ સમજવો કે-તમારી જેવા જે જીવોને દ્રવ્યક્રિયા કે દ્રવ્યપૂજાની શ્રદ્ધા નથી તેને ભાવનું કારણ ન થાય, જેને શ્રદ્ધા છે ને શ્રદ્ધાપૂર્વક કરે છે તેને ભાવનું કારણ થાય છે.

૩ ભાવ પૂજાવાળાને દ્રવ્યપૂજાનો અધિકાર તેની હદ પ્રમાણે છે.

૪ જૈનમતને જે માને છે તે મિથ્યાત્વી હોયજ નહીં.

૫ મિથ્યાત્વી સંસારની કરણી કરે, આરંભ પરિગ્રહાદિકમાં નિમગ્ન રહે.

૬ ગુણસ્થાનક પ્રમાણે ક્રિયા કરવી—એવો નિર્ણય કર્યો અગાઉ ગુણસ્થાનકની ખબર કઇ રીતે પડી શકે ? તે જણાવો. વ્યવહાર દષ્ટિ તો તમારે માન્ય નથી તે ધ્યાનમાં રાખીને ખુલાસો લખજો.

૭ દીવાળી કલ્પમાં ભગવંતે કહ્યાની વાત જે લખી છે તેનો તાત્પર્ય તમે એવો કાઢયો છે કે-' ભગવંતની જન્મરાશી ઉપર ભસ્મગ્રહ બેસવાથી ભગવંતના નિર્વાણથી ૨૫૦૦ વર્ષ સુધી પાખંડીઓ, લીંગીઓ, વેશવિડંબકો થશે, ' ત્યારે ભગવંતના નિર્વાણ પછી ભદ્રબાહુ સ્વામી, સ્થૂળભદ્રજી, વૈરસ્વામી, હરિભદ્રસૂરી, હેમચંદ્રાચાર્ય, હીરવિજયસુરિ, વિગેરે પુરૂષો થઇ ગયા તેને તમે કેવા માનો છો ? તેમના વખતમાં જૈનધર્મની ઉન્નતી થયેલી માનો છો કે નહી ? તમારે હરેક પ્રકારે આધુનિક મુનિઓને ઉપર જણાવેલા પાસથ્થાદિકની પંકિતમાં મુકવા છે પણ ભગવંતના કથનનો તાત્પર્યનો એવો છે કે ભસ્મગ્રહના પ્રભાવથી અનેક જીન વાણીના ઉથ્થાપક જુદે જુદે સ્વરૂપે થશે. પરંતુ ઉત્તમ પુરૂષો કોઇ થશેજ નહીં અને શાશનની ઉન્નતિ થશેજ નહીં, શ્રાવકધર્મ કે સાધુધર્મ વિચ્છેદ પામશે એવો નથી. ભગવંતના નિર્વાણ પછી ૨૩ ઉદય થવાના છે, તેમાં પ્રથમના ૨૫૦૦ વર્ષમાં કેટલા ઉદયને કેટલા યુગપ્રધાન થશે તે જરા વાંચી વિચારી જોજો. એકાંત માર્ગમાં પડી શ્રદ્ધાથી ભ્રષ્ટ થશો તો તમારા આત્માને પારાવાર હાની થશે. અને જિનવાણીના વિરાધક થશો.

તમે લખ્યું છે કે–'આજના સાધુઓ–જેવા કે પાસથ્થાદિ છે તે વગર ગુણસ્થાનકવાળાને પોતાના ધ્યાનમાં આવે એવી ક્રિયા કરાવે છે. એટલે કે પહેલા ગુણસ્થાનકવાળાને પાંચમા ગુણસ્થાનકની ક્રિયા કરાવે છે." આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત તમને હસવા જેવી લાગે છે કે પરંતુ પાસત્થાદિક ક્રિયા કરાવે તેને માટે હસવું શું ? વળી ગુણસ્થાનક અનુસારેજ ક્રિયા કરાવવાનો સિદ્ધાંત તમે ક્યાંથી શોધી કાઢ્યો છે ? આ કાળમાં અતીંદ્રીય જ્ઞાનનો અભાવ હોવાથી ગુણસ્થાનકની ખબર કેમ પડે ? વળી પ્રથમના સમયમાં જે ક્રિયાઓ કરાવવામાં આવતી હતી તે ગુણસ્થાનકને અનુસારે જકરાવવામાં આવતી હતી એમ કહી શકો છો ? પહેલું ગુણસ્થાનક કે પહેલી તદ્યોગ્ય ક્રિયા ? શ્રાવકના વ્રત પહેલાં ગ્રહણ કરે કે પાંચમુ ગુણઠાણુ પહેલું ફરસ્યા પછી કરે ? ચારિત્ર પહેલાં લેય કે છઠ્ઠું સાતમું ગુણઠાણું પહેલાં ફરસે ? મહા પુરૂષોએ પ્રમાણે ગુણઠાણું ફરસ્યા પછીજ શ્રાવકના વ્રત કે ચારિત્ર આપતા હશે કે ગુણઠાણું પછી પણ ફરસતું હશે ? આ બાબત જરા દીર્ઘદૃષ્ટિથી વિચારીને પછી નિશ્ચયથી ગુણસ્થાનક ફરસ્યાના ખબર પડયા. વિના ક્રિયા કરાવનારને પાસત્થાનું ઉપનામ આપજો.

૮ પાસત્થાદિની ઓળખાણ શાસ્ત્રમાં સ્થાને સ્થાને આપી છે તેથી અત્ર લખવાની જરૂર નથી. અને તેમને વંદણા કરવી નહીં એ પણ શાસ્ત્રોક્ત વચન છે.

૯ પહેલા, બીજા, ત્રીજા ગુણઠાણાવાળાને શી કરણી કરવી ? એમ પુછોછો તો બીજા ત્રીજા ગુણઠાણાની સ્થિતિ તમે કેટલીક જાણો છો કે તેની કરણી જુદી પુછોછો ? તે લખજો.

૧૦ 'પહેલા ગુણઠાણાવાળાને પાંચમા ગુણઠાણાની ક્રિયા કરાવે તેવા સાધુને ન માનવા ' એવું મહાનિશિથ સૂત્રમાં લખ્યાનું તમે જણાવો છો તો તે પાઠ લખશો. અને મહાનિશિથ સૂત્રનો અર્થ તથા રહસ્ય જાણતા હોતો અમારે કેટલુંક તેમાંથી પુછવાનું છે તે લખીએ ? કોઇ ગુરૂગમથી શ્રવણ કરેલા હોય તો તે ગુરૂનું નામ વિગેરે જણાવશો.

૧૧ જે ક્રિયા આશ્રવની તેજ સંવરની અને જે સંવરની તેજ આશ્રવની એમ શાસ્ત્રમાં લખેલ હોવાથી ' એવી ક્રિયા કઇ ? ' એમ પૂછો છો પણ તે વાક્યમાં તેવા પ્રશ્નનોજ અવકાશ ક્યાં છે ? કેમકે જે આશ્રવની તે સંવરની–એ વાક્યમાં સર્વ ક્રિયાનો સમાવેશ થાય છે. અને તેવા ફેરફારનું કારણ અધ્યવસાયનો ફેરફારજ છે.

ઉપર લખેલી હકીકત બરાબર ધ્યાનમાં લેવી. તમારા પત્રનું લખાણ જોતાં તમારી શ્રદ્ધામાં વિપરિત ભાવનું વિષ ભળ્યાનું અનુમાન થાય છે તો તેની ઉંડી અસર ન થવા માટે તમે કોઇ ગુણી મુનિરાજનો પ્રસંગ કરશો અને તમારા જેવી શ્રદ્ધા બીજાઓની કરાવતાં અટકશો કેમકે એથી બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બિચારા બાલિકજીનું આહિત થતાં વાર નહીં લાગે. આ હિતશિક્ષા જરૂર ધ્યાનમાં લેશો.

# बीजी जैन कन्फरन्स.

ફળોધીમાં મળેલી પહેલી જૈન કનફરન્સમાં કરેલા ઠરાવ અનુસાર બીજી કનફરન્સ શ્રી પાલીતાણામાં મળવી જોઇએ પરંતુ હાલમાં પાલીતાણા દરબાર સાથે ચાલતા અનુચિતપણાથી તે વિચારમાં ફેરફાર કરવાની આવશ્યકતા જણાય છે. આટલા ઉપરથી જૈન કન્ફરન્સના જનરલ સેક્રેટરી **ગુલાબચંદજી ઢઢા** એ પ્રોવીન્શીઅલ સેક્રેટરીઓ ઉપર તથા બીજા ગ્રહસ્થો ઉપર પત્ર લખીને ખાસ ઉપયોગી સાત સવાલો પુછ્યા છે. તેમા ટુંકો સાર એટલો છે કે–આવતી કન્ફરન્સ ક્યાં મેળવવી? ક્યારે મેળવવી? પ્રમુખ કયા ગૃહસ્થને નીમવા? ખર્ચ કેમ ચલાવવો? વિષયો શું શું ચરચવા? અને આ બાબતનો ઉત્તર આવ્યા બાદ બહુ મતે નિર્ણય કરવો કે કેમ? આ બાબતના ઉત્તરો આવ્યા બાદ જે નિર્ણય થશે તે પ્રસિદ્ધિમાં આવ્યે ખબર પડશે પરંતુ આ સબંધમાં જૈન બંધુઓને ખાસ જણાવવાનું એટલુંજ છે કે–આ વિષય કેટલો મહત્વનો છે તે વિચારવાની જરૂર છે. કેટલાક એક વખતના કરેલા પ્રયાસ એ કાર્ય સાધે છે અને કેટલાક એક વખતના કરેલા પ્રયાસ અનેક કાર્ય સાધે છે. જૈન કન્ફરન્સ મેળવવાનો વર્ષમાં એકવાર કરેલો પ્રયાસ અનેક કાર્ય સિદ્ધ કરી શકે તેવો છે. તીર્થોના વહીવટોની સંભાળ તીર્થોની આશાતનાઓનું વર્જન, પુસ્તકોનો જીર્ણોદ્ધાર, વિદ્યાભ્યાસને ઉત્તેજન, અનાથ બાળકોનું રક્ષણ, નિરાશ્રિત જૈનોને આશ્રય, જૈનવર્ગના આગેવાનોમાં સંપની વૃદ્ધિ, આચાર વિચારની વિશુદ્ધિ, હાનીકારક પદ્ધતિ અને રીત રિવાજોનો ત્યાગ, દુરાચરણના પ્રવેશનો અટકાવ, દેશ પ્રદેશનો ઐક્યતાવાળો સંબંધ, તેથી થતા પરસ્પરને અનેક પ્રકારના વ્યવહારિક અને સાંસારિક લાભ, અને ગુણોની વૃદ્ધિ-વિગેરે અનેક બાબતો સંબંધી વિચારો ચરચવાથી આખા હિંદુસ્થાનમાં વસતા જૈનવર્ગ ને તે તે બાબતોનો થોડો ઘણો પણ આવશ્યક લાભ આવી રીતે કન્ફરન્સ મળવાથી થઇ શકે તેમ છે.

એકવાર કન્ફરન્સ મળ્યા બાદ તેમાં ચરચાઇને થયેલા ઠરાવોનો જો અમલ થાય અને તે બાબતમાં તેના સેક્રેટરી સાહેબો વારંવાર પ્રેરણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને પ્રયત્ન કર્યા કરે તો તેથી પારાવાર લાભ થઇ શકવા સંભવ છે. આ બાબતનો અનુભવ બે ચાર વખત ઉપરા ઉપર કોન્ફરન્સ મળવાથી સર્વને થયા શિવાય રહે એમ નથી. પણ ખેદ એટલો છે કે–આ બાબતમાં પ્રયાસ કરનારા ખરા આગેવાનો નથી અને ખરા આગેવાનોને આ બાબતની લાગણી નથી. જેનાથી કાર્ય થઇ શકે તેમ છે તેને કરવું નથી. અને કરવા ઇચ્છે છે તેની તેટલી શકિત નથી. તેથી જ્યાં સુધી શાસનના અધિષ્ઠાયક દેવો આગેવાનપણું ધરાવનારા અને તેને માટે યોગ્યતાવાળા શેઠીઆઓના હૃદયમાં પ્રવેશ કરી પ્રેરણા કરશે નહીં ત્યાં સુધી કાંઇ પણ થવા સભવ નથી. કારણ કે ફલોધીની જેમ આગેવાન શેઠીઆઓ પધારવા તસ્દી લઇ શકે નહી અને वचने किं दारिद्रता એ વાકય અનુસાર તારથી કે કાગળથી દિલસોજી કે દિલગિરી જણાવે તેમાં કાંઇ કાર્ય સિદ્ધિ થાય નહી. માટે જ્યારે જૈનવર્ગનું હિત થવાનું હશે ત્યારે આગેવાન સાહેબોના લક્ષમાં ઉતરશે અને તેઓ પોતાના પારાવાર કામના બોજામાંથી બે ચાર દિવસ માટે અવકાશ લઇ પધારવાની તસ્દી લેશે. એટલે અવશ્ય કાર્ય સિદ્ધિ થશે એમ અમારૂં માનવું છે.

આ બાબત જૈન વર્ગમાં સ્થળે સ્થળે અહર્નિશ ચરચાવાની જરૂર છે. અને જેમ બને તેમ ઘણા સ્થળેથી કન્ફરન્સમાં આવીને જૈન બંધુઓ પોતાના હિતના વિચાર કરે એમ અમે ઇચ્છીએ છીએ. કારણ કે ઘણા સ્થળેથી આગેવાનોના પધારવાથી જે કાર્ય થશે તેમાં મહત્વ વધારે આવશે એ નિઃસંશય વાત છે. આ બાબતમાં હજુ વધારે બોલવાની જરૂર છે પણ તે યોગ્ય અવસરે બોલશું. હાલ આટલું કહેવું બસ છે. કારણ કે સુજ્ઞને ઇસારો બસ થાય છે.

# बनारस जैन पाठशाळा.

**મુનિરાજ મહારાજશ્રી વૃદ્ધિચંદજીના શિષ્ય મુનિરાજશ્રી ધર્મવિજયજી** બીજા છ મુનિઓ અને ૧૨ ગૃહસ્થ વિદ્યાર્થીઓને લઇને ખાસ સંસ્કૃત વ્યાકરણ, સાહિત્ય અને ન્યાય વિગેરેનો અભ્યાસ કરવા માટે **બનારસ** પહોચી ગયા છે. ત્યાંથી ખબર મળ્યા પ્રમાણે ત્રણ શાસ્ત્રીઓ રાખ્યા છે અને વૈશાખ સુદિ ૧૦ થી અભ્યાસની શરૂઆત પણ કરવામાં આવી છે. રહેવાના મકાનની હજુ પૂરી સગવડ થઇ નથી. શ્રાવકોનાં ઘર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ ન હોવાથી સાધુઓને આહાર પાણીમાં અગવડ પડે છે પરંતુ **प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः** એ કાવ્યના ભાવાર્થ અનુસાર અનેક પ્રકારના કષ્ટો સહન કરીને પણ અભ્યાસમાં મચ્યા રહેવાની તેઓ સાહેબ ની ધારણા છે.

મુનિરાજ શ્રી ધર્મવિજયજી, પાઠશાળાને ઊંચા પાયાપર લાવવાને તન-મનથી પ્રયાસ કરે છે. એમની ઇચ્છા સારા મહોત્સવ સાથે સૌને ખબર પડે તેવી રીતે પાઠશાળાનું સ્થાપન કરવાની છે અને વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધારે દાખલ કરવાની છે. પરંતુ તેમનો રસોડા ખર્ચ તેમજ શાસ્ત્રીઓનો પગાર ખર્ચ નીભાવવા માટે હાલ છે તેટલુ ફંડ પૂરતું નથી તેથી જૈનબંધુઓએ આવા ખરેખરા જ્ઞાનવૃદ્ધિના કાર્યમાં તન મન ધનથી મદદ કરવાની આવશ્યકતા છે. આ સબંધમાં કોઇ પણ ગૃહસ્થને વધારે ખુલાસાની જરૂર હશે તો **બનારસ સુતટોલા જૈનમંદિર પાસ** ઠેકાણું કરીને મુ-નિરાજ શ્રી ધર્મવિજયજી ઉપર પત્ર લખવાથી અથવા **બનારસ જૈન પા-ઠશાળા વ્યસ્થાપક કમીટી**ના સેક્રેટરી માસ્તર રતનચંદ મુળચંદ અને પરી છોટાલાલ ત્રીકમદાસને **વીરમગામ** પત્ર લખવાથી સંતોષકારક ખુલાસો મળી શકશે કારણ કે સદરહુ પાઠશાળાના ફંડની વ્યવસ્થા બહુ રીતસર કરવામાં આવી છે અને તેના નિયમો વિગેરે પ્રથમથી મુકરર કરીને છપાવવામાં આવેલા છે.

આવી રીતે હિંમત કરીને તેમજ વિહારાદિકનું કષ્ટ સહન કરીને દૂર-દેશ પર્યંત જનારા કે ગયેલા મુનિરાજને બની શકે. તેટલી મકાન કે શાસ્ત્રીઓ વિગેરેની ઘટિત પણ પૂરતી સગવડ કરી આપવાની શ્રીમંત જૈનબંધુઓની ખાસ ફરજ છે કે જેથી તેઓ લાંબી મુદત સુધી ત્યાં સ્થિર ચિત્તે રહી શકે અને અભ્યાસમાં દરરોજ આગળ વધી શકે આ બાબતમાં છતી શક્તિએ ઉપેક્ષા કરવી તે જ્ઞાનાચાર અને વીર્યાચારના અતિચારમાં સમાવેશ થાય તેવી બાબત છે માટે તેવો અતિચાર દોષ ન લાગે તેમ કરવું યોગ્ય છે.

બનારસમાં રહેલા મુનિરાજને અભ્યાસ કરવાના ગ્રંથો પણ સિદ્ધહેમ વ્યાકરણ, કાવ્યાનુશાસન સ્યાદ્વાદમંજરી અને સ્યાદ્વાદરત્નાકરાવતરિકા વિગેરે ઠરેલા છે. તેમાં મુનિ મુનિ મહારાજાઓની સલાહ અનુસાર યોગ્ય ફેરફાર ક-રવામાં આવશે. આ પ્રયત્ન ખરેખરો પ્રશંસનીય છે એતો નિઃસંદેહ વાત છે, આ બાબતમાં બીજા વિશેષ ખબર મળેથી વિશેષ હકીકત જૈનબંધુઓને જાણવા માટે પ્રસિદ્ધ કરસું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्रश्नोत्तर.

## "શ્રી રાંધણપુરવાળા શ્રાવક દેવચંદ કરશનજીના પ્રશ્નોના મુનિરાજ શ્રી વલ્લભવિજયજીએ આપેલા ઉત્તરો."

**પ્રશ્ન ૧**—દશ ભુવનપતિના દશ અને સાત નરક જુદી જુદી છતાં તેનો એકજ દંડક ગણાય છે તેનો શો હેતુ?

ઉત્તર—આમાં સૂત્રકારની વિવક્ષાજ હેતુ જાણવો. એમ શ્રી **શ્યેન પ્રશ્ન**માં **શ્રી શ્યેનસુરી** મહારાજ લખે છે તે પાઠ-तथा चतुर्विंशतिदंडक मध्ये भुवनाधिपानां दंडक दशकं प्रोक्तम पहेषां व्यंतरादिकानां दंडक एकैकः प्रोक्तस्तत्र किंकारण मिति प्रश्नोत्रोतरमत्र सूत्र कृतांविवक्षैत्र प्रमाण मिति ॥

**પ્રશ્ન ૨**—દેવલોકમાં જે પુસ્તકો હોય છે તે કયા કયા શાસ્ત્રોનાં હોય છે.

**ઉત્તર**—તે અમુક નામના શાસ્ત્ર છે એવું કોઇ જગાએ જોવામાં આવ્યું નથી એમ **શ્રી શ્યેનસુરિ** મહારાજ ફરમાવે છે. તે પાઠ—देवलोक पुस्तकेषु किं लिपी कृतमास्त किमभिधानं तत् शास्त्रमिति प्रश्नस्य उत्तर.

देवलोक पुस्तकेषु लिपीकरणं तत्रेत्य व्यवहार माश्रित्य संभाव्यते तदभिधानं तु कुत्रापि दृष्टं नास्तीति ॥

**પ્રશ્ન ૩—સંસારદાવા** સ્તુતિ અને સઝાય બંને ઠેકાણે, વળી નમોસ્તુ વર્દ્ધમાનાયને બદલે સ્ત્રીઓ પણ તેમાંની ત્રણ સ્તુતિ કહે છે. એમ ઉપરની દરેક બાબતમાં કહેવાય છે તેનું શું કારણ?

**ઉત્તર**—આ બાબત **સ્યેનપ્રશ્ન**માં આ પ્રમાણેનો લેખ છે. "ચૌદશના પડિક્કમણાની અંતમાં સઝાય સંદિસાવું? અને સઝાય કરૂં? એમ આદેશ માગીએ છીએ અને કહેવામાં તો નમસ્કાર, ઉવસગ્ગહરં અને સંસાર દાવા નલ દાહ નીરં સ્તુતિ આવે છે તે કેમ? તેનો ઉત્તર—પાખી પડિક્કમણાની અંતમાં સ્વાધ્યાયમાં સ્તુતિ સ્તોત્રાદિ ભણવાનું આવસ્યક ચૂર્ણિના અભિપ્રાયે કરીને અને પરંપરાએ કરીને કરીએ છીએ." પાઠ આ પ્રમાણે છે.—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चतुर्दशी प्रतिक्रमण प्रांते सज्झाय संदिसावुं भगवन् सज्झाय करुं इत्यादेश मार्गणंक्रियते कथनेतु नमस्कार उवसग्गहर स्तोत्र संसार दावानल दाह नीरं स्तुतिश्चेति तत्कथमिति प्र० पाक्षिक प्रतिक्रमण प्रांते स्वाध्याये स्तुति स्तोत्रादि पठन मा श्रक चूर्ण्यभिप्रायेण परंपरयाच विधियते इति ॥

એટલે એ ભાવ કે તે ઠેકાણે સ્વાધ્યાયને ઠેકાણે સ્તુતિ સ્તોત્રાદિક ભણવાં અને ઉવસગ્ગહરં તથા સંસાર દાવા નલ દાહ નીરં એ સ્તોત્ર તથા સ્તુતિ છે માટે એમાં કોઇપણ પ્રકારનો વિરોધ નથી. સ્ત્રીઓને ભણવાનું કારણ આગલા પ્રશ્નોત્તરથી સમજી લેવું.

**પ્રશ્ન ૪—"ઇચ્છામો અણુસટ્ઠિં" એ શબ્દનો શો અર્થ સમજવો?**

**ઉત્તર—શ્રી જયચંદ્રસુરિ વિરચિત પ્રતિક્રમણ ગર્ભ હેતુમાં આ પ્રમાણે લેખ છે—**

"વાંદણા પછી ઇચ્છામો અણુસટ્ઠિં જેનાથી એનો અર્થ એ થાય છે કે-ઇચ્છામો-અમે ઇચ્છીએ છીએ, અભિલાષા કરીએ છીએ-શાની? તો કે-અણુસટ્ઠિં-ગુરૂની આજ્ઞાની-શી આજ્ઞા? તો કે પ્રતિક્રમણ કરવું એ આજ્ઞા. તે આજ્ઞા હમોએ કરી. કેવી રીતે? કે પોતાની અભિલાષા પૂર્વક પરંતુ રાજ વેઠ વિગેરે ન્યાયે કરીને નહીં. એટલે એ ભાવ જે અણુસટ્ઠિં નામ પ્રતિક્રમણ કરવું એવી જે ગુરૂની આજ્ઞા, તેને ઇચ્છામો કહેતાં પોતાની અભિલાષા પૂર્વક હમોએ કરી. આ અર્થનો સંભવ એ માટે થાય છે કે ઇચ્છામો અણુસટ્ઠિં આ પાઠ ભણ્યા પછી શ્રી ગુરૂ મહારાજનો કોઇ આદેશ સાંભળવામાં આવતો નથી. વળી બીજે ઠેકાણે આમ જોવામાં પણ આવે છે. જેમ કે સમ્યક્ત્વ સામાયિકાદિ આરોપવામાં અથવા અંગાદિના ઉદ્દેશાદિમાં સમાપ્તિ સૂચક ઇચ્છામો અણુસટ્ઠિં કહેવામાં આવે છે. તેમ પ્રતિક્રમણની સમાપ્તિ સૂચક એ (ઇચ્છામો અણુસટ્ઠિં) શબ્દ જાણવો ત્યાં પ્રતિક્રમણની સમાપ્તિ થયેલી હોવાથી અત્યંત ખુશી થયા થકા વર્દ્ધમાન સ્વરવડે વર્દ્ધમાન અક્ષરવાળી नमोस्तु वर्द्धमानाय ઇત્યાદિ ત્રણ સ્તુતિ શ્રી ગુરૂ મહારાજની એક સ્તુતિ ભણ્યા પછી તેમજ પાખી પડિક્કમણામાં શ્રી ગુરૂમહારાજનું તેમજ પર્વનું બહુ માન સૂચવવા નિમિત્તે ત્રણે સ્તુતિ કહ્યા બાદ સર્વ સાધુ તથા શ્રાવક એક સાથે ભણે.

"બાળ સ્ત્રી, મંદ અને મૂર્ખ એવા ચારિત્રાભિલાષીઓના અનુગ્રહને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે સર્વજ્ઞ પુરૂષોએ સિદ્ધાંત પ્રાકૃતમાં કર્યા છે." ઇત્યાદિ કથનવડે સ્ત્રીઓનો સંસ્કૃતમાં અધિકાર ન સૂચવવાથી તથા નાટકોમાં પ્રાયઃ સ્ત્રીઓનાં વચન પ્રાકૃત ભાષામાંજ જોવામા આવવાથી સાધ્વીઓ અને શ્રાવિકાઓ નમોર્હત્સિદ્ધા૦ ઇત્યાદિ સૂત્ર ભણતી નથી. અને નમોસ્તુ વર્દ્ધમાનાય ઇત્યાદિ સ્થાનમાં સંસારદાવાની ત્રણ સ્તુતિ ભણે છે અને રાઇ પડિક્રમણામાં વિશાલ લોચન ને ઠેકાણે પણ એજ સંસારદાવાની ત્રણ સ્તુતિ ભણે છે. પૂર્વોક્ત પાઠ આ પ્રમાણે છે;—

वंदनकांते इच्छामो अणुसट्ठि मितिदर्शनात् एतदर्थश्चाय मिच्छामोऽभिलषामोऽनुशास्ति गुर्वाज्ञां प्रतिक्रमणं कार्य मित्येवं रूपां तांच वयं कृतवंतः स्वाभिलाषपूर्वकं नतु राजवेष्टया दिन्यायेनेत्य संभावना विधानंच इच्छामो अणुसट्ठिमिति भणनानंतरं श्री गुरुणामादशास्या श्रवणात् अन्यत्र चापिदश्यते यथा सम्यक्त सामायिकाद्यारोपणे अंगाद्युद्देशादौवा एवंच प्रतिक्रमण करणं संपूर्ण समजनि तत्संपूर्ण भवनाच संपन्न निर्भर प्रमोद प्रसराकुला वर्द्धमान स्वरेण वर्द्धमानाक्षरं श्री वर्द्धमान स्तुतित्रय नमोस्तु वर्द्धमानायेत्यादि रूपं श्री गुरुभिरेकस्याः स्तुतेः पाक्षिक प्रतिक्रमणेतु श्री गुरुपर्वणोर्विशेष बहुमानसूचनार्थं तिसृष्वपि स्तुतिषु भणितासु सतीषु सर्वसाधवः श्राद्धश्च युगपत् पठंति। बालस्त्रीमंदमूर्खाणांनृणां चारित्र कांक्षिणा अनुग्रहार्थं सर्वज्ञैः सिद्धांतः प्राकृतः कृतः ॥१॥ इत्याद्युक्तिभिः स्त्रीणां संस्कृतेऽधिकारित्वे सूचनान्नाटकादिष्वपिप्रायः स्त्र्यालापानां प्राकृतादि भाषये दर्शनात् साध्व्यः श्राविकाश्च नमोर्हत्सिद्धाचेत्यादि सूत्रं न पठंति नमोस्तु वर्द्धमानायेत्यादि स्थाने संसारदावानलेत्यादि रूपं स्तुतित्रयंच पठंति रात्रिक प्रतिक्रमणेतु विशाललोचनदलमित्यस्य स्थाने॥

વળી શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત પ્રતિક્રમણ ગર્ભ હેતુ ની સઝાય માં પણ એજ અર્થ છે જે પાઠ નીચે પ્રમાણે;—

क्षेत्रदेवता काउसग्ग इम करो, अवग्रह याचनहेतः चतु०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पंच मंगल कही पुंजी संडासग, मुहपत्ती वंदन हेत. चतु० ८
इच्छामो अणुसाहिं कही, भणेम्तुतित्रण अर्थ गंभीर; चतु०
आज्ञा करण निवेदन वंदन, गुरु आसातना शरीर. चतु० ९
देवसिइं गुरुइकथुति जब कहे, पक्खिआइ कहेतीन; चतु०
साधु श्रावक सहु थुइकहे, सुजस उच्च स्वरलीन. चतु० १०
ढाल ॥ श्राद्धी सुसाध्वी ते कहे उच्छाहा, संसारदावानलतीनगाहा॥
नसंस्कृत छे अधिकारतास, केइ कहे ए कही पूर्व भास ॥

વળી પણ પ્રતિક્રમણ ગર્ભ હેતુમાં લખે છે કે—

तुच्छागारव बहुला, चलिंदिया दुब्बला धिईए अ ।
इअअइसेसज्झयणा भूयावाउअनोयथीणं ॥

આ ગાથાની વ્યાખ્યામાં સ્ત્રીઓને તુચ્છ સ્વભાવવાળી, થોડી ઋદ્ધિમાં પણ ઘણો ગર્વ કરવાવાળી, ચપળ ઇંદ્રીયોવાળી, અને થોડી ધીરજવાળી હોવાથી ઉઠ્ઠાણ સૂત્ર, સમુઠ્ઠાણ સૂત્ર, અરૂણોવવાઇ, વરૂણોવવાઇ ઇત્યાદિ અતિશયવાળાં અધ્યયન તથા ભૂતાવાદનામ દૃષ્ટિવાદનો નિષેધ છે માટે સ્ત્રીઓને પૂર્વોના જ્ઞાનનો અધિકાર ન હોવાથી नमोर्हत्सिद्धा—नमोस्तु वर्द्धमानाय ઇત્યાદિ પાઠ પૂર્વગત હોવાના સંભવને લીધે સ્ત્રીઓ નથી ભણતી=दृष्टिवादेहि बहवोविद्यातिशयाः सर्वकामदा वर्ण्यंते स्त्रीचस्त्रीस्वभावत्वात् तुच्छाऽल्प सत्वाऽल्पायामपिऋद्धौगर्वबहुला धृत्याचित्तावष्टंभेन दुर्बलातेन सातिशयानि उथ्थान समुथ्थान श्रुतारुण वरुणो पपातादीन्यध्ययनानि भूतावादश्च दृष्टिवादः स्त्रीणांनानुजातानि इत्यादु के: स्त्रीणांपूर्वाध्ययनेऽनधिकारित्वात् नमोर्हत्सिद्धा० नमोस्तुवर्द्धमाने त्यादीनांच पूर्वगतत्वेन संभाव्यमानत्वा न्न पठंती त्यादि.

**પ્રશ્ન ૫**—દાડમ વિગેરેના સરબતના કાળનો નીર્ણય કેવી રીતે સમજવો?

**ઉત્તર**—એને માટે શાસ્ત્રમાં કોઈ નિર્ણય જોવામાં આવ્યો નથી પરંતુ સ્વર્ગવાસી સદ્ગુરૂ મહારાજ શ્રી વિજયાનંદ સુરિ મહારાજજીના મુખક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળથી એમ સાંભળ્યું યાદ છે કે જ્યાં સુધી વર્ણગંધ રસાદિ બદલે નહીં ત્યાં સુધી વાપરવામાં બાધ નથી. વળી **શ્રી ધર્મ સંગ્રહ**માં **શ્રી માનવિજયજી ઉપાધ્યાય** લખે છે કે–ચાળેલો લોટ મુહુર્ત્ત પછો અચિત્ત થાય છે પરંતુ અચિત્ત થયા પછી તેનો બગાડ થવાનું કાલમાન શાસ્ત્રમાં જોવામાં આવતું નથી તો પણ દ્રવ્યાદિના વીશેષે કરી વર્ણાદિ જ્યાં સુધી ન બદલે ત્યાં સુધી તે કલ્પે. ઇતિ ॥ પાઠ ॥

पणदिणमीसोलुट्टोइत्यादि चालितस्तु मुहूर्त्तादूर्ध्वमाचित्तः तस्यचाचित्ती भूतानंतरंविनशन कालमानंतु शास्त्रेन दृश्यते परंद्रव्यादि विशेषण वर्णादि विपरिणामा भवनं यावत्कल्पत इति ।

**પ્રશ્ન ૬**—જીવદયા ખાતાનું જે દ્રવ્ય હોય તે મનુષ્યને આપવામાં કામ આવે કે નહીં?

ઉત્તર—ન અપાય. કેમકે જીવદયા ખાતાનું જે દ્રવ્ય હોય તે અભય દાનમાં ગણાય છે. અને મનુષ્ય સ્વધર્મી હોય તો તે સુપાત્રમાં ગણાય છે માટે અભયદાન ખાતાનું દ્રવ્ય જીવદયા શિવાય બીજા કોઇ પણ કામમાં ન વપરાય એમ જાણીએ છીએ. વળી શ્રી ધર્મ સંગ્રહમાં લખે છે કે–"अमारिद्रव्य तु देवभोगेपि नायाति" અર્થાત્ અમારી દ્રવ્ય દેવના ઉપયોગમાં પણ નથી આવતું આથી સમજવું જોઇએ કે જ્યારે સર્વોત્તમ ક્ષેત્રદેવ તેના ઉપયોગમાં પણ નથી આવતું તો પછી બીજા કોઇ ઉપયોગમાં તો આવેજ કેમ! માટે અમારિ દ્રવ્યને અમારિના કામમાંજ વાપરવું યોગ્ય છે.

**પ્રશ્ન ૭**—પોસહમાં શ્રાવકને આભરણ પહેરાય કે નહી?

**ઉત્તર**–ઉત્સર્ગ માર્ગે કરીને જો સર્વથા પોષધ અંગીકાર કરે તો મુખ્ય વૃતિએ આભરણ ઉતારીનેજ કરવો જોઇએ. પરંતુ જો દેશ થકી ગ્રહણ કરેતો આભરણ પહેરવામાં કાંઇ બાધ નથી.

આની મતલબનો પાઠ શ્રી **શ્યેન પ્રશ્ન**માં છે તે નીચે પ્રમાણે.

उम्मुक्क भूसणंगो इत्याद्यक्षरानुसारेण पौषध मध्ये श्राद्धानामाभरणमोचनमुक्तमस्ति सांप्रतंतुते परिदधति तत्कथमिति प्र० उत्सर्ग मार्गेण यदि सर्वतः पौषध प्रतिपद्यते तदातन्मोचनमेवयुक्तं विभूषा लोभादिनिमित्तत्वेन सामायिके तयोरपिनिषिद्धत्वात् यदिदेशतः करोति तदातत्परिधानमपि भवतीति ॥

**પ્રશ્ન ૭**–જોગ વહેવાની શાસ્ત્રધારે શી રીત છે તે જણાવવા કૃપા કરશો.

**ઉત્તર**–જે શાસ્ત્રના જોગ વહે તે શાસ્ત્ર જ્યાં સુધી પુરૂં ન થાય ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી તેનાજ જોગ વહેવા જોઇએ પરંતુ શાસ્ત્ર ભણવું કોરાણે મુકી ફક્ત આંબેલનિવિ વગેરે તપસ્યા માત્ર કરી જોગને સાર્થક ગણવા એ જૈનશાસ્ત્રનો આશય નથી. આ પ્રમાણે શ્રીગુરૂ માહારાજજી સાહેબની પાસે સાંભળ્યું યાદ છે. વળી **શ્રી સુબોધકા**નામા **શ્રી કલ્પસૂત્ર**ની ટીકામાં **શ્રી વીનયવિજયોપાધ્યાયજી** લખે છે કે—

પીતા, પુત્ર, મા દીકરી, રાજા વજીર, શેઠ અને મુનીમ, વિગેરેએ સાથે દીક્ષા ગ્રહણ કરી હોય તો તેની ઉપસ્થાપના—છેદોપસ્થાપનીય ચારીત્ર ( વડી દીક્ષા ) આ પ્રમાણે થાય. જો પીતા આદિક અને પુત્રાદિક એક સાથેજ છજીણીયા અધ્યયનના યોગોદ્વહનાદિકે કરી યોગ્યતાને પામ્યા હોય તો અનુક્રમે કરીનેજ તેની ઉપસ્થાપના કરવી. જો થોડોક આંતરો હોય તો કેટલોક વીલંબ કરીને પણ પીતા આદિકોની પ્રથમ ઉપસ્થાપના કરવી. જો એમ કરવામાં ન આવે તો પુત્રાદિકોને મોહોટા કરવાથી પીતા વીગેરેને અપ્રીતી થઇ જાય. તથા પુત્રાદિ બુદ્ધિવાળા હોય અને બીજા બુદ્ધિ રહિત હોય તેથી આંતરૂં ઘણું હોયતો પીતા વિગેરેને સમજાવવા કે હે મહાભાગ ! બુદ્ધિવાળો પણ તારો પુત્ર બીજા ઘણાઓથી નહાનો થશે તારા પુત્રના મોટા થવાથી તારીજ મોટાઇ છે. એ રીતે સમજાવ્યો થકો જો તે માની લેતો પુત્રાદિકને પ્રથમ વડી દીક્ષા આપવી, અન્યથા નહીં —પાઠ આ પ્રમાણે છે.—

अथ पिता पुत्र माता दुहितृ राजामात्य श्रेष्ठि वणिकपुत्रादीनांसार्द्धं गृहीत दीक्षाणां उपस्थापने को विधिरुच्यते यदिपित्रादयः पुत्रादयश्च समकमेव षट्जीवनिकायाध्ययन योगोद्वहनादिभिर्योग्यता प्राप्तास्तदा अनुक्रमेणैवोपस्थापना अथस्तोकमंतरं तदाकियाद्विलंबनापि पित्रादीनामेव प्रथममुपस्थापना अन्यथा पुत्रादीनां वृद्धत्वेन पित्रादीनामप्रीतिःस्यात् तथा पुत्रादीनां सप्रज्ञत्वेन अन्येषां निप्रज्ञत्वेन महदंतरं तदा सपित्रादिरेवं प्रतिबोध्यः भो महाभाग ! सप्रज्ञोपि तव पुत्र अन्येभ्यो बहुभ्यो लघुर्भविष्यति तव पुत्रज्येष्टेतवैवगौरवं एवं प्रज्ञापितः सयदि अनुमन्येत तदा पुत्रादिः प्रथम उपस्थापनीयः नान्यथाइति ॥

પૂર્વોકત પાઠથી વિચારવું યોગ્ય છે કે જો શાસ્ત્ર ભણવાની જરૂર ન હોય અને ફક્ત આંબેલ નિવિ પ્રમુખ તપસ્યાનીજ જરૂર હોય તો શાસ્ત્રકાર આટલો બધો પ્રપંચ શા માટે કરત? માટે મુખ્ય વાત તો એજ છે કે સૂત્રપાઠ ભણવો અને સાથેજ તેની તપસ્યા વગેરે શાસ્ત્ર વિહિત ક્રિયા શાસ્ત્રાનુસાર કરવી, પરંતુ શાસ્ત્ર ભણવાનું તો નામ નિશાનજ નહીં અને ખાલી તપસ્યાજ કરે જવું. આ બાબતનો પરમાર્થ તો જેઓ કરતા હશે તેજ જાણતા હશે. વળી પણ **શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**માં આ પ્રમાણે લેખ છે કે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सोम्यथादस्यकोयोगस्तेप्याहुर्यावदेतिन ।
इदमध्ययनं तावदाचाम्लान्येव संतुमोः ॥ १ ॥

**ભાવાર્થ**—ઉત્તરાધ્યયન સુત્રના અસંખયા નામા અધ્યયનના જોગ વહેવા વાળો શિષ્ય ગુરૂને પુછે છે કે આ અધ્યયનનો કેટલા દિવસનો યોગ છે? ત્યારે ગુરૂજી કહે છે કે-હે શિષ્ય! જ્યાં સુધી એ અધ્યયન ન આવડે ત્યાં સુધી આંબેલજ કરવાં એટલો એનો યોગ કાળ છે. આથી પણ એમજ સિદ્ધ થાય છે કે કેવળ આંબેલ નિવી કરવાથી યોગોદ્વહન સિદ્ધ નથી પરંતુ સાથે શાસ્ત્રના ભણવાથીજ સિદ્ધ છે.

---

# ધ્યાન વિષય.

## धर्म ध्यानांतर्गत.

### अशरण भावना.

માતા, પિતા, ભાઇ, બેન, પુત્ર, કલત્ર આદિ સગાં વહાલાં વિદ્યમાન છતાં આધિ વ્યાધિથી સપડાએલા જીવને કાળ પકડી જાય છે, મતલબ કે-માતા પિતા વિદ્યમાન છતાં આયુષ્ય પુરૂં થાય એટલે કર્મના વશપણા થકી જીવ પરગતિમાં ચાલ્યો જાય છે, કોઇ રાખી શકતું નથી. મૃત્યુરૂપ શત્રુના ભયથી કોઇ રક્ષણ કરી શકતું નથી. મરતી વખતે જીવને જે દુઃખ પડે છે. તે અત્યંત છે. તે દુઃખને સગાં વહાલાં વહેંચી લેવા સમર્થ નથી. વિચારો કે-દ્વારકા જેવી નગરી, કૃષ્ણરાજા સરખા વાસુદેવ, બળભદ્ર સરખા બળદેવ, અને શ્રીનેમનાથ તીર્થંકર સરખા તેમને માથે ગુરૂ હતા તો પણ જ્યારે દ્વીપાયને દ્વારીકાનો નાશ કર્યો ત્યારે કોઇથી કંઇ રખાયું નહીં અને આખી નગરીનો ક્ષય થઇ ગયો. કૃષ્ણ અને બળભદ્ર બંને ભાઇઓ માતપિતાને રથમાં બેસાડી નગરી વચ્ચે થઇ નાસવા લાગ્યા. પણ નગરના દરવાજાની બહાર વસુદેવ અને દેવકીને બન્ને ભાઇઓ કાઢી શકયા નહીં, અહો કોનું શરણ કરે? અલબત કહેવું પડશે કે આ જગતમાં કોઇ શરણ નથી. બન્ને ભાઇઓ વનમાં ચાલી નીકળ્યા. અંતે વનમાં જરાકુમારના હાથથી કૃષ્ણનું મૃત્યુ થયું અને ત્રીજી નરકે ગયા. જે કૃષ્ણ મહારાજાએ ત્રણસોને સાઠ યુદ્ધ કર્યાં. તેવા પુરૂષોને પણ નરકમાં જતાં કોઇ રાખી શક્યું નહી તો બીજાની શી વાત કરવી. સંભૂમનામા આઠમો ચક્રવર્ત્તિ કે જેની સેવામાં ચાલીશ હજાર દેવતા હતા તો પણ સમુદ્રમાં બુડી મરણ પામ્યો, કોઇ રાખી શકયું નહીં. આયુષ્ય આવી રહ્યું ત્યારે દેવતાઓ પણ નાશી ગયા. માટે આ સંસારમાં કોઇ શરણભૂત નથી. તો ફોગટ પુત્ર સ્ત્રી ઉપર માયા મમતા રાખી હે ચેતન! કેમ કર્મ બાંધી ભારે થાય છે. તું જે જે કર્મ બાંધે છે. તે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવશ્ય તારે ભોગવવાં પડશે. એમ મનમાં વિચાર. નાના પ્રકારના શાસ્ત્રના વિષયોને જાણનારા, અનેક પ્રકારના મંત્ર તંત્રોને જાણનારા તથા અનેક પ્રકારના રોગોની ચિકિત્સા જાણનારા એવા પુરૂષોની કુશળતા કાળની સામે જરા પણ ચાલી નહીં. અને કોઇની ચાલશે પણ નહી. મહા શૂરવીર યોધ્ધા. ઓથી વીંટાએલા પુરૂષો પણ કાળના મુખમાં ખેંચાઇ જાય છે.. અત્યંત દીલગીરીની વાત છે કે—આ જગતમાં પ્રાણીઓને કોઇનું પણ શરણ નથી. પૃથ્વીનું છત્ર તથા મેરૂનો દંડ કરવાને સમર્થ પુરૂષો પણ આ જગતમાં અમર રહ્યા નહીં, કાળનો કોળીઓ થઇ ગયા.

પુત્ર, મિત્ર અને સ્ત્રીના સ્નેહરૂપ પિશાચને દૂર કરવા માટે હે જીવ! તું **अशरण भावनारु महमंत्र**નું સ્મરણ કર. સંસારમાં કોઇ વસ્તુપર મૂર્છા રાખીશ નહીં. કારણ કે જન્મ જરા મરણ સદા પુંઠે લાગી રહ્યાં છે. તે કોઇને છોડતાં નથી. તો હે જીવ! તને કેમ છોડશે. માટે ધર્મ ધ્યાનમાં તત્પર થા. ધર્મ સામગ્રી પુનઃ પુનઃ મળવી દુર્લભ છે. મૃત્યુરૂપી બાજ જીવરૂપ પંખીને અણધાર્યો પકડી લેશે તે વખ્તે વસતે હાથે ચાલ્યો જઇશ. માટે હે જીવ! તું ચેત ચેત. કહ્યું છે કે—

દુહા.

**शरण नहीं संसारमां, समजो भवि मन खास;**
**काळ व्याधना पासमां, पडतां प्राण विनाश. १**
**व्याघ्र हरणने ज्युं ग्रहे, त्युं सहु जीवने काळ;**
**पकडे नजरे जोवतां, मांडी माया जाळ. २**
**पेसे जो पाताळमां, मृत्यु भयथी कोइ;**
**तो पण रहे नहीं जीवतो, समज समज तुं जोइ. ३**
**शरण एक संसारमां, जैनधर्म हितकार;**
**आराधे भवि प्राणीया, पामे भवजळ पार. ४**

## સંસાર ભાવના.

બુદ્ધિવાન તેમજ બુદ્ધિહીન, સુખી તેમજ દુઃખી, રૂપવાન તેમજ કુરૂપવાન, ગરીબને રાજા, યોગીને ભોગી, સ્વામીને સેવક, દેવતા, મનુષ્ય, તીર્યંચ અને નારકી એમ અનેક પ્રકારના વેષ ધારણ કરીને કર્મવશવર્તી જીવ આ સંસારરૂપ અખાડામાં નાટક કરે છે, મહા આરંભ, માંસ ભક્ષણ, મદિરાપાન, પરદારા ગમન અને દેવદ્રવ્ય ભક્ષણ કરીને જીવ નરકમાં જાય છે. ત્યાં નરકમાં અગ્નિથી બળવું, અંગ છેદન થવું વિગેરે મહા દુઃખ પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. છળ કપટ કરવાવડે જીવ તીર્યંચ ગતિમાં જાય છે. ત્યાં વાઘ, વરૂ, ભેંશ, ઊંટ, હાથી, ઘોડા, ભૂંડ, સર્પ, મગર કુકડા વિગેરેનાં શરીર ધારણ કરે છે, અને તેમાં ક્ષુધા, તૃષા, તાડન, તર્જન, વધ, બંધન ઇત્યાદિક દુઃખ સહન કરવાં પડે છે, તથા ખાદ્ય અખાદ્ય, વિવેક શૂન્યતા, લજ્જા રહીતપણું, મા બેન દીકરી સાથે ગમન કરવામાં એક સમાનતા, તીર્યંચગતિમાં પ્રાપ્ત થાય છે. મનુષ્ય ગતિમાં પણ પરાધીનતા, માનભંગ, સેવકપણું, કંગાલ પણું વિગેરે દુઃખો ભોગવવાં પડે છે. વળી આ સંસારમાં ગર્ભના અઘોર દુઃખ પુનઃ પુનઃ પ્રાપ્ત થયા કરે છે. બાલ્યાવસ્થા અજ્ઞાનપણામાં ગમાવવામાં આવે છે. એ બાલ્યાવસ્થામાં ધર્માધર્મની સમજ પડતી નથી, યુવાવસ્થામાં ધન કમાવાનું મહા દુઃખ છે, તથા વૃદ્ધાવસ્થામાં શરીરનું કંપવું, પરવશ પણું, મુખમાંથી લાળ પડવી ઇત્યાદિ મહા દુઃખ ભોગવવાં પડે છે. એવો આ સંસાર છે. ત્યાં સુખની ભ્રાંતિ માત્ર જાણવી. તથા સમ્યક્ દર્શન અને વ્રત નિયમાદિ પાળવાથી જે જીવ દેવતા થાય છે તે પણ શોક, વિષાદ, મત્સર, ભય, અદેખાઇ, કામ પ્રમુખ અનેક પ્રકારના દુઃખમાં સ્વ આયુષ્ય ગાળે છે.

આ સંસારમાં સ્ત્રી મરીને માતા થાય છે. માતા મરીને સ્ત્રીપણે ઉત્પન્ન થાય છે; સ્ત્રી મરીને બેન થાય છે, બેન મરીને સ્ત્રીપણે ઉત્પન્ન થાય છે; પુત્ર મરીને પિતાપણે ઉત્પન્ન થાય છે; પિતા મરીને પુત્રપણે ઉત્પન્ન થાય છે, શત્રુ મરીને ભાઇ પણે ઉત્પન્ન થાય છે. ભાઇ મરીને શત્રુ થાય છે; એવો આ સંસાર અસાર છે. જીવ એક જાતિ મુકીને અપરજાતિ ગ્રહણ કરે છે. કહ્યું છે કે—

**गाथा**

**जाइमिगं मुंचंतो, अवर जाइ तहेव गिण्हंतो;**
**भमइ चिरं अविरामे, भमरोव्व जीवा भवारामे ॥१॥**

ભાવાર્થ—જીવ જે તે આ સંસારરૂપી બગીચાને વિષે ભમરાની પેઠે વિસામા રહીત ઘણા કાળ સુધી ભમે છે. તે શું કરતો છતો ભમે છે? તે બતાવે છે—

**श्लोक.**—इहानादौभवेऽनादि, जीवाऽनादिस्वकर्मतः
अव्यवहारराशौस्याद् दुःसहग्रहदुःखभाक्. १
असंख्या ह्यत्रगोलास्यु र्गोलोऽसंख्यनिगोदकः
एकैकस्मिन्निगोदेस्यु रनंताजतवः स्थिराः २
अन्योन्यजंतुसंवास संमर्दोत्पीडपीडितः
जीवोऽनंतान्भवानेकें द्रितएवात्रसंवसेत् ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उत्पत्तिनाशैस्तत्रै वाकामनिर्जरयाचिरात
सक्षिपेत्क्वानिचित् किंचित् कर्माणिकथमप्यथ ४
एवंतेषुनिगोदेषु सोऽनुभूयमहाव्यथां
आयातिव्यवहाराख्य राशौदैववशादिह ५
अत्यंत स्थावराऽप्यत्र कथंचित्कर्मलाघवात्
मानुष्यमुत्तमंप्राप्य भवेत्तत्रैव सिध्यति, ६
प्रायणान्यस्तुसर्वोपि संसारे स्वस्वकर्मतः
चतुरसीतिलक्षासु जीवोभ्राम्यतियोनिषु ७
इत्यादि श्री वासुपूज्य चरित्रे.

**ભાવાર્થ—**આ અનાદિ સંસારમાં અનાદિ કાળથી જીવ સ્વકર્મ થકી અસંત દુઃખ ભોગવતો છતો અવ્યવહારરાશિ નિગોદમાં હોય છે. તે અ-વ્યવહાર રાશિ નિગોદમાં અસંખ્યાતા ગોળા છે. અસખ્ય નિગોદે કરી એક ગોળો થાય છે. એકેક નિગોદમાં અનંતા જીવ હોય છે. અનંતા ભવ સુધી અવ્યવહાર રાશિ નિગોદમાં જીવ વસે છે. અને ત્યાં અનંત જન્મ મરણ કરે છે. જરા પણ વિશ્રાંતિ નથી. વાંચક વર્ગે યાદ રાખવું કે—આ પ્રમાણે બોલીએ છીએ તે પણ એક વખતે તે નિગોદનાં દુઃખ ભોગવતા હતા. અકામ નિર્જરાના યોગે ત્યાંથી જીવ વ્યવહાર રાશિમાં આવે છે, ત્યાંથી અનુક્રમે એકેંદ્રિ આદિ જાતિ પામતો છતો મનુષ્યપણું પામે છે. ચોરાશીલાખ જીવાયોનિમાં સ્વસ્વ કર્માનુસારે જીવ ભટકે છે. આ સંસારરૂપી બગીચાને વિષે જીવ એક જાતિનો ત્યાગ કરી બીજી જાતિ ગ્રહણ કરતો છતો ભમે છે. મનુષ્ય જાતિ ત્યાગ કરી દેવજાતિ ગ્રહણ કરે છે, દેવજાતિ ત્યાગ કરી તીર્યંચજાતિ ગ્રહણ કરે છે. એ પ્રમાણે ભમે છે. ભમરો જેમ માલતી વૃક્ષનો ત્યાગ કરી કમળને ગ્રહણ કરે છે, વળી કમળનો ત્યાગ કરી અન્ય વૃક્ષને ગ્રહણ કરે છે. તેમ જીવ પણ આ સંસારરૂપ બગીચામાં ભમરાની પેઠે મોહમાયામાં ફસાયો છતો સુખની ભ્રાંતિથી પરિભ્રમણ કરી અઘોર દુઃખને પામે છે.—આ જીવ કોઇ વખત ચંડાળપણે ઉત્પન્ન થયો, અને કોઇ વખત શાક ભાજીમાં પણ ઉત્પન્ન થયો. તો તું ફોગટ હું કુળવાન્ છું અને આ નીચ હલકી જાતિનો છે; મારૂં કુળ ઉત્તમ છે અને એનું કુળ અધમ છે. એવો ફોગટ કેમ અહંકાર કરે છે. સંસારમાં ચેતન અનાદિ કાળથી પરિભ્રમણ કરે છે, તેનું કારણ કર્મ છે કર્મ વશ પડયો જીવ રંક જેવો બન્યો છે. આ ચેતન સર્વ પુદ્ગલ પરમાણુંને ભોગવી ચુકયો છે. લોકાશનો એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ એવો પ્રદેશ નથી કે જે હે ચેતન ! તારા ફરસ્યા વિના રહ્યો હોય. એમ અનંત પુદ્ગલ પરાવર્તન કાળ તું ભમ્યો. તો પણ હે ચેતન! તને સંસારનો ભય લાગતો નથી. આ સંસારમાં કોઇ પણ સુખી નથી જેણે આ અથિર સંસારનો ત્યાગ કર્યો તેજ ખરેખર સુખી છે.

અપૂર્ણ.

મુનિ. બુદ્ધિસાગર.

# वर्त्तमान समाचार.

## " જૈન "

આ નામનું સપ્તાહીક ન્યુસ્પેપર તા. ૧૨ મી એપ્રીલથી અમદાવાદ ખાતે પ્રસિદ્ધ થવા લાગ્યું છે. પ્રસિદ્ધ કર્ત્તા **ભગુભાઈ ફતેચંદ કારભારી** સારા લેખક છે. લેખ પણ ઉપયોગી અને જાણવા લાયક દાખલ થાય છે. પ્રારંભમાંજ સારા ન્યુસ્પેપરોની પંક્તિમાં ગણાવા લાગ્યું છે. નકલો પણ ઠીક ખપે છે. જૈનવર્ગમાં આવા સપ્તાહીકની ખાસ જરૂરજ હતી તે ખોટ આ ન્યુસ્પેપરથી કેટલેક અંશે પૂરી પડી છે. એટલુંજ નહીં પણ આ પ્રસિદ્ધકર્ત્તા સતત ઉદ્યોગી હોવાથી બીજા ન્યુસ્પેપરોની જેમ અટકી પડે તેવો કિંચિત્ પણ સંભવ નથી. અમે એનો વિશેષ ઉદય ઇચ્છીએ છીએ અને શુદ્ધઅંતઃકરણથી જૈનવર્ગની ખરી સેવા બજાવ્યા કરવાની તેના પ્રયોજકને ખાસ ભલામણ કરીએ છીએ તેમજ જૈનવર્ગે ગ્રાહક થઇને મદદ આપવાની પણ ખાસ આવશ્યકતા જણાવીએ છીએ.

## "શ્રી દરાપુરાસાં દીક્ષા મહોત્સવ."

વૈશાક વદિ ૭ મે શ્રી દરાપુરામાં **મુનિરાજ શ્રી વીરવિજયજીની** પાસે **શ્રી ઝણોરના** શ્રાવક **શેઠ હરચંદ ઇશ્વરદાસે** દીક્ષા લીધી છે. વૈરાગ્ય સારો છે. ઉમર વર્ષ ૪૦ની છે. મહોત્સવ શ્રેષ્ટ થયો છે. નામ **મુનિ કેશરવિજયજી** રાખવામાં આવ્યું છે.

## " શ્રી ગોધામાં મહોચ્છવ."

શ્રી ગોધામાં વરશીતપના પારણાના પ્રસંગ ઉપર શ્રાવીકાઓએ મળીને સારો મહોત્સવ કર્યો છે. દેરાસરની અંદર ખાસ મંડપ બંધાવીને તેમાં **સર્વાર્થસિદ્ધ વિમાનની** રચના કરી હતી. અંદરનું સિદ્ધાયતન બહુ રમણિક બનાવ્યું હતું. ખર્ચ પરિમિત કરવાનો હોવાથી વિશેષ ગોઠવણ થઈ શકી નહોતી પરંતુ દેખાવ બહુ રમણિક બનાવ્યો હતો. મહોચ્છવની શરૂઆત વૈશાખ શુદ ૧૨ શે કરીને અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો હતો. સમુદાય નાનો છતાં ઉત્સાહ સારો હોવાથી આઠે દિવસ સ્વામી વચ્છળ થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## " શ્રી વીરમગામમાં દીક્ષા મહોચ્છવ. "

**પન્યાસજી સિદ્ધિ વિજયજી**ની પાસે શ્રી વીરમગામમાં તા. ૭-૫-૧૯૦૩ વૈશાખ શુદ ૧૧ ના રોજ શ્રી મેસાણાવાળી **બાઇ દિવાળીએ** દીક્ષા ગ્રહણ કરી છે. તે પ્રસંગ ઉપર સંઘ તરફથી ઘણા ઉત્સાહ સાથે અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો છે. બાઇ બાળવિધવા હોવાથી અભ્યાસ સારો કર્યો છે. દીક્ષા લેવાની ઇચ્છા બહુ વખતથી હતી તે હાલ પાર પડી છે. નામ **સાધ્વી ચંપાશ્રી** રાખવામાં આવ્યું છે. અને **સાધ્વીજી હેતશ્રીજી**ની શિષ્યા થયા છે.

## " શ્રી શત્રુંજય આશાતના કેસ. "

પાલીતાણા દરબાર, તેના હજુરીઓ અને તેની પોલીસે સિદ્ધાચળજી ઉપર મોટી ટુંક વિગેરેમાં જોડા પહેરીને ફરવા વડે જે આશાતના કરી છે અને જેના વડે જૈનવર્ગની લાગણી પારાવાર દુઃખાણી છે તે બાબતમાં **શેઠ આણંદજી કલ્યાણજી**ના પ્રતિનિધિઓ તરફથી રીતસરના પગલાં ભરવામાં આવ્યા છે. મુંબઇના અગેવાન ગૃહસ્થોની પૂરી મદદ છે. પ્રથમ તા. ૨૫ મી મેએ અને ત્યારબાદ તા. ૪ થી જુને શ્રી વઢવાણ કેમ્પમાં પોલીટીકલ એજંટ એશબી સાહેબ પાસે રજુવાત થઇ છે. હજુ સાક્ષી પૂરાવ લેવાની શરૂઆત થઇ નથી. આપણો કેસ ઘણો મજબુત હોવાથી સમાધાનીની વાતો ચાલે છે પરંતુ આ વખત જે કરવું તે ઘણા પાકા પાયા ઉપર કરવાનું છે. આગેવાન શેઠીઆઓએ જે પ્રયાસ આદર્યો છે તેને સારૂં પરિણામ લાવવા સુધી લંબાવવાની જરૂર છે. આવી મહાતીર્થની આશાતના કરવાની બુદ્ધિ જે થઇ છે તે જરૂર તેનું ખેદકારક પરિણામ તેના કરનારને બતાવ્યા શિવાય રહેશે નહીં.

## " શ્રી ભાવનગરમાં દીક્ષા મહોચ્છવ. "

તળ ભાવનગરના રહીશ સુમારે ૧૩ વર્ષના એક છોકરાએ જેષ્ટ શુદિ ૧૩ શે **પન્યાસજી ગંભીરવિજયજી** પાસે ચારિત્ર ગ્રહણ કર્યું છે. તેનું મૂળ નામ **જગજીવન** હતુ, તેના મા બાપ ગુજરી ગયા છે. તેની મોટી મા હયાત છે, તેણે રાજી ખુશીથી રજા આપી છે. નામ **મુનિ આણંદ વિજયજી** રાખવામાં આવ્યુ છે. સંઘ તરફથી શુદી ૧૨ શે બહુ ઠાઠ માઠથી વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. દીક્ષા લેનારનો ઉત્સાહ સારો છે અને બુદ્ધિ બહુ તીક્ષણ છે. થોડા વખતમાં અભ્યાસ ઠીક કર્યો છે અને આગળ વધારે સારો અભ્યાસ કરી વિદ્વાન નીવડવા સંભવ છે.

## " શ્રી ભાવનગરમાં યોગોદ્વહન. "

**મુનિરાજશ્રી નેમવિજયજી** વિગેરે **પન્યાસજી શ્રી ગંભીર વિજયજી** પાસે શ્રી ભગવતિજી વિગેરેના યોગોદ્વહન કરનાર છે. જેઠ વદિ ૩ જે પ્રવેશ કરવાનું મુહુર્ત્ત છે. યોગવહેવામાં સાધુ સાધ્વીની સંખ્યા સારી થવાનો સંભવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લાઇબ્રેરી ખાતે મળેલી ભેટ.

નીચે જણાવેલા ગૃહસ્થો તરફથી રોકડ રકમ ભેટ દાખલ આવી છે. તે સ્વીકારીએ છીએ. તેની બુકો ખરીદ કરીને તે તે ગૃહસ્થોના નામ સાથે લાઇબ્રેરીમાં મુકવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૨૫) | દોશી લલુભાઇ છગનલાલ વીમા એજન્ટ | ભાવનગર. |
| ૧૫) | શા હરીલાલ જીુઠાભાઇ | શ્રીધ્રાંગધ્રા |
| ૧૪) | શા મનસુખરામ અનોપચંદ | શ્રી અમદાવાદ |
| ૧૦) | શા ગોવીંદ દીપચંદ (કબાટ સારૂ) | શ્રી ભાવનગર |
| ૫) | સંઘવી ઉમેદચંદ અમથાભાઈ | શ્રી વીરમગામ |
| ૫) | ઝવેરી માણેકચંદ ખેતશી | ” |
| ૨) | શા તલકશી કરમચંદ | ” |
| ૫) | શા સરૂપચંદ ન્યાલચંદ | તલેગામ ડાભાડા |
| ૫) | શા બલાખીદાસ મુળચંદ | શ્રી અમદાવાદ |

## નીચે જણાવેલા ગૃહસ્થો તરફથી પુસ્તકો ભેટ આવ્યા છે.

૧ શ્રી અમદાવાદ શા બાલાભાઇ છગનલાલ તરફથી.

૧ સઝાયમાળા ભાગ ૩ જો કીં.રૂ.૧)~ ૧૪૬ સઝાયોનો સંગ્રહ છે
૨ સઝાય ભાગ ૨ જો (આવૃત્તિ ૪ થી કીં. રૂ.૧)~
૩ કપુર પ્રકર. સટીક. અર્થ યુકત. કીં. રૂ. ०।।=
૪ પાંત્રીસ બોલનો થોકડો. શિખામણના બોલ સહીત.કીં.રૂ.૦).

૨ શ્રી મુંબઇ. ફતેહચંદ કપુરચંદ લાલન તરફથી

૧ સહજ સમાધીની બુક ૧૫ યોગ્ય જીવોને ભેટ આપવા.
૨ આનંદઘનજીની બહોતેરીમાંથી ત્રણપદ અર્થયુકત કી રૂ૦)-

૩ શ્રી પોરબંદર. ભણશાળી લક્ષ્મીદાસ ઓધવજી તરફથી

૧ શ્રી પ્રશ્ન વ્યાકરણ સુત્ર ટબા રહીત. લખેલ પ્રત પા.૧૬૫

૪ માસ્તર કેશવલાલ પ્રેમચંદ શ્રી અમદાવાદવાળા તરફથી

૧ શ્રાવક પ્રજ્ઞપ્તિ શ્રી ઉમાસ્વાતિવાચક કૃતનું ભાષાંતર આ બુક શ્રી પ્રાંતિજવાળા શેઠ પોચાલાલ ડુંગરશી તરફથી છપાવીને બહાર પાડવામાં આવી છે. ગ્રંથ બહુજ ઉપયોગી છે પરંતુ વિસ્તારવાળા અર્થની અપેક્ષા રહે તેવો પુર્વપક્ષ ઉત્તર પક્ષવડ કેટલીક હકીકત બહુજ પુષ્ટ કરેલી છે. એડીટર કેશવલાલ વકીલે ભાષાન્તર કરવામાં પ્રયાસ સારો કર્યો છે. કિંમત માત્ર બે આના રાખી છે. તે પણ સારે માર્ગે વાપરવા માટે લેવાની છે. હેતુ શ્રેષ્ટ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર પ્રમાણેની બુકો સ્વીકારીએ છીએ. શિવાય સભાસદો તરફથી કેટલીક બુકો વિગેરે ભેટ આવેલ છે તેની વીગત તેમજ પહોંચ આવતા અંકમાં આપવામાં આવશે.

---


## જાહેર ખબર.

[ આંખના દરદીઓ માટે અમૂલ્ય તક ]

( મુનિરાજ તથા સાધ્વી માટે મફત )

ચક્ષુરૂપી રત્નને જાળવવું એજ દુનીઆમાં મોટી દોલત છે. શરીરે સુખી તેજ ખરો સુખી કહેવાય છે, ને શરીરનો આધાર ચક્ષુ ઉપર છે. તેથી આગળ ઉપર ચસ્માની જરૂર ન પડે હંમેશાં આંખ સાફ રહે અને તેજી વધે તેને માટે "શુદ્ધ સાચા મોતીનો સુરમો" કાળો, સફેત, અથવા લાલ ત્રણે રંગનો પણ એક સરખા ગુણવાળો અમે બનાવેલો છે તે જોઇએ તેણે મંગાવવો. તેની કિમ્મત નંબર ૧ લાના તોલા ૧ ના રૂ. ૪) અને નંબર બીજાના તોલા ૧ ના રૂ. ૨) પોસ્ટ ખર્ચ જુદું પરદેશવાળાને વેલ્યુપેબલથી મોકલશું. આ દવાથી ઘણા ફાયદા થાય છે. ઘણા માણસોને ફાયદા થયેલા છે તેના સર્ટીફીકેટો અમારી પાસે મોજુદ છે.

ત્રણે જાતનો સુરમો બનાવનાર તથા વેચનાર.
શેઠ. ત્રીભોવનદાસ હઠીસંગ.
જામનગર—કાઠીયાવાડ.


---

## લવાજમની પહોંચ.

| | |
|---|---|
| ૧—૪ શા વેણીચંદ ગુલાબચંદ. | ૨-૧૦ ગાંધી વીરચંદ અમરસી |
| ૧—૩ શા ડોસાભાઇ જેરાજ | ૨-૧૦ શા કપુરચંદ લાલભાઇ |
| ૧—૯ શા સરૂપચંદ ઝવેરચંદ | ૧—૬ દફતરી છગનલાલ નાનચ |
| ૧—૬ શા મોતીચંદ નાનજી | ૧—૬ પારેખ લલુ રાયજી |
| ૧—૪ શા નથુ માણેકચંદ | ૨-૧૦ શા વીરચંદ કૃષ્નાજી |
| ૧—૪ મેતા પ્રેમચંદ કરશનજી | ૧—૪ શા મકનજી જેરાજી |
| ૧—૪ શા મહાસુખભાઇ નથુભાઇ. | ૧—૬ શા વેલશીભાઇ હેમચંદ |
| ૦—૯ શા ગોવિંદજી ડોસા | ૨-૧૦ શા દેવચંદ દલસુખ |
| ૧—૪ શા લક્ષ્મીચંદ માણેકચંદ | ૧—૪ શા વાલચંદ જેઠીદાસ |
| ૧—૪ શા દેશા લાલચંદ | |

For Private And Personal Use Only